# GUJARATI

## PAPER—II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

**1.** 'ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય' : પંક્તિનો છંદ કહો

(A) હરીણી (B) સ્ત્રગ્ધરા

(C) મંદાક્રાન્તા (D) પૃથ્વી

**2.** 'દશમસ્કંધ' કૃતિનો સાહિત્ય પ્રકાર કયો છે?

(A) પદ્યવાર્તા (B) પ્રબંધ

(C) આખ્યાન (D) ફાગુ

**3.** 'હંસાઉલિ' ના કર્તા કોણ છે?

(A) અસાઈત (B) ભીમ

(C) અબ્દુલ રહેમાન (D) શામળ

**4.** ગુજરાતીમાં કરુણપ્રશસ્તિકાવ્યના પ્રથમ રચનાકાર કોણ હતા?

(A) નવલરામ (B) ગોવર્ધનરામ

(C) દયારામ (D) દલપતરામ

**5.** 'સ્વૈર વિહારી' ઉપનામ કોનું છે?

(A) રા. વિ. પાઠક (B) જ્યોતીન્દ્ર દવે

(C) ગગનવિહારી મહેતા (D) બાલાશંકર



www.examrace.com

6. નિબંધકાર કોણ નથી?

(A) સુમન શાહ
(B) જયંત કોઠારી
(C) શિરીષ પંચાલ
(D) રઘુવીર ચૌધરી

7. રસપ્રતીતિ નાં વિધ્નોની ચર્ચા કોણે કરી છે?

(A) લોલ્લટ
(B) શંકુક
(C) ભટ્ટનાયક
(D) અભિનવગુપ્ત

8. 'સાહિત્ય જીવનની સમીક્ષા છે' – સૂત્ર કોણે આપ્યું?

(A) મેથ્યુ આર્નલ્ડ
(B) લોન્જાઈનસ
(C) ક્રોચે
(D) પ્લેટો

9. ઉપમાન કરતાં ઉપમેય જેમાં ચઢિયાતું હોય છે તે અલંકાર છે:

(A) ઉપમા
(B) ઉત્પ્રેક્ષા
(C) વ્યતિરેક
(D) રૂપક

10. 'મભનતતગાગા' બંધારણ ક્યા છંદનું છે?

(A) શિખરિણી
(B) પૃથ્વી
(C) હરિણી
(D) મંદાક્રાન્તા

11. ક્યા બે સર્જકો ગાંધીયુગના છે?

(i) સ્નેહરશ્મિ
(ii) નિરંજન ભગત
(iii) કૃષ્ણલાલ શ્રીધરાણી
(iv) મોહનલાલ પટેલ

(A) (i) અને (ii)
(B) (i) અને (iii)
(C) (i) અને (iv)
(D) (ii) અને (iii)

www.examrace.com

**12.** ક્યા બે લેખકો 'શબ્દસૃષ્ટિ' ના સંપાદક હતા?

(i) સુમન શાહ

(ii) રમેશ દવે

(iii) ભોળાભાઈ પટેલ

(iv) જ્યોતિષ જાની

(A) (i) અને (iv)  (B) (i) અને (ii)

(C) (i) અને (iii)  (D) (ii) અને (iii)

**13.** ક્યા બે કવિ-વિવેચક આધુનિકયુગના છે?

(i) ચંદ્રકાન્ત ટોપીવાળા

(ii) શિરીષ પંચાલ

(iii) નીતિન મહેતા

(iv) હરીશ મીનાશ્રુ

(A) (i) અને (ii)  (B) (i) અને (iv)

(C) (ii) અને (iii)  (D) (i) અને (iii)

**14.** આ બે વાર્તાસંગ્રહો અનુઆધુનિક છે.

(i) છપ

(ii) સાંજનો સમય

(iii) ગૃહપ્રવેશ

(iv) બાંશી નામની છોકરી

(A) (i) અને (iii)  (B) (i) અને (iv)

(C) (i) અને (ii)  (D) (ii) અને (iii)



www.examrace.com

**15.** કયો બે ધ્વનિઓ મહાપ્રાણ અને અઘોષ છે?

(i) ન

(ii) ખ

(iii) થ

(iv) ઘ

(A) (i) અને (ii)

(B) (ii) અને (iii)

(C) (ii) અને (iv)

(D) (i) અને (iii)

**16.** કઈ બે કૃતિ ખંડકાવ્યસ્વરૂપની છે?

(i) ૧૩.૭ ની લોકલ

(ii) ગાયત્રી

(iii) ચક્રવાક મિથુન

(iv) પરાજયની જીત

(A) (iii) અને (iv)

(B) (iii) અને (ii)

(C) (iii) અને (i)

(D) (i) અને (iv)

**17.** ગુજરાતીમાં મહાકાવ્ય લખવાનો પ્રયાસ કરનારા બે કવિઓ છે:

(i) દલપતરામ

(ii) ભોળાનાથ દિવેટિયા

(iii) કલાપી

(iv) કાન્ત

(A) (ii) અને (iv)

(B) (i) અને (ii)

(C) (ii) અને (iii)

(D) (i) અને (iv)

www.examrace.com

18. ગુજરાતીમાં ભાષા વિજ્ઞાન ક્ષેત્રે પ્રદાન કરનાર બે વિદ્વાનો નાં નામ કહો.

(i) પ્રબોધ પંડિત

(ii) વર્ષા અડાલજા

(iii) પ્રબોધ પરીખ

(iv) ઊર્મી દેસાઈ

(A) (i) અને (iv) (B) (i) અને (ii)

(C) (i) અને (iii) (D) (ii) અને (iv)

19. **માહિતી :** **(અ)** દ્વિરુક્ત પ્રયોગ માં દ્વિરુક્તિ ધ્વનિ અને અર્થની થતી હોય છે.

**(અ)** દ્વિરુક્ત પ્રયોગ માં દ્વિરુક્તિ કેવળ ક્રિયાની થતી હોય છે.

(A) અ ખોટું છે પણ બ સાચું છે.

(B) અ સાચું છે પણ બ ખોટું છે.

(C) અ અને બ બંને સાચાં છે.

(D) અ અને બ બંને ખોટાં છે

20. **માહિતી :** **(અ)** ક્રોચેના મતે 'અંતઃ સ્ફુરણ એ જ અભિવ્યક્તિ'

**(બ)** ક્રોચેના કળાસિદ્ધાંત માં કળાસ્વરૂપો વચ્ચેની ભેદરેખા ભૂંસાઈ જાય છે.

(A) અ અને બ બંને ખોટાં છે.

(B) અ સાચું છે પણ બ ખોટું છે.

(C) બ સાચું છે પણ અ ખોટું છે.

(D) અ અને બ બંને સાચાં છે.

21. **માહિતી :** **(અ)** ભાષામાં પદોને સંયોજવાનું કામ કેવળ સંયોજકનું છે.

**(અ)** ભાષામાં પદોને સંયોજવાનું કામ અનુગ અને નામયોગીનું છે.

(A) અ આને બ બંને સાચા છે.

(B) અ સાચું છે પણ બ ખોટું છે.

(C) અ ખોટું છે પણ બ સાચું છે.

(D) અ અને બ બંને ખોટાં છે.

www.examrace.com

22. આપેલાં વાક્યોની માહિતી જોતાં સંપૂર્ણપણે સાચું બનતું યુગમ ક્યું?

(A) દયારામે ગરબીઓ લખી છે; તે પ્રેમલક્ષણામાર્ગનો કવિ છે.

(B) દયારામે વૈરાગ્યનાં પદો લખ્યાં છે, તે જ્ઞાનમાર્ગી કવિ છે.

(C) દયારામે રામભક્તિનાં પદો લખ્યાં છે, તે પુષ્ટિમાર્ગી કવિ છે.

(D) દયારામે ગરબા લખ્યા છે; તે શક્તિ સંપ્રદાયનો કવિ છે.

23. આપેલા વાક્યોની માહિતી જોતાઃ સંપૂર્ણપણે સાચું બનતું યુગ્મ ક્યું ?

(A) ઉમાશંકર જીવનવાદી કવિ છે; તે પંડિતયુગના કવિ છે.

(B) ઉમાશંકર નવલકથાકાર છે; તે ગાંધીયુગના સર્જક છે.

(C) ઉમાશંકર નાટ્યકાર છે; તે લોકસાહિત્યના સર્જક છે.

(D) ઉમાશંકર શબ્દના સ્વામી છે; તે ભાષાશાસ્ત્રી છે.

24. આપેલાં વાક્યોની માહિતી જોતાં સંપૂર્ણપણે સાચું બનતું યુગ્મ ક્યું?

(A) રૂપરચના વાદે આકારને મહત્વ આપ્યું; રૂપરચના વાદે કૃતિનું ઐતિહાસિકતા નું મહત્વ સ્વીકાર્યુ.

(B) રૂપરચનાવાદે કૃતિના માધ્યમનો મહિમા કર્યો; રૂપરચનાએ સામગ્રીનો મહિમા કર્યો.

(C) રૂપરચનાવાદે સામગ્રી ના નિરોધાન ઊપર ભાર આપ્યો; રૂપરચનાવાદે પ્રેરણાનું મહત્વ સ્વીકાર્યુ.

(D) રૂપરચના વાદે સામગ્રીના રૂપાંતરણ પર ભાર મૂક્યો; રૂપરચના વાદે કૃતિની જૈવિક સંવાદિતાનું મહત્વ સ્થાપ્યું.

25. સર્વથા સુસંગત વિગતજૂથ ક્યું છે?

(A) શાક્ત સંપ્રદાય-વલ્લભ મેવાડો-મધ્યકાળ

(B) સ્વામિનારાયણ સંપ્રદાય - ગોવિંદસ્વામી-મધ્યકાળ

(C) રવિભાણ સંપ્રદાય - દલપત પઢિયાર - મધ્યકાળ

(D) નાથ સંપ્રદાય - ગંગા સતી- મધ્યકાળ

www.examrace.com

26. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) ઝવેરચંદ મેઘાણી- ભાષાશાસ્ત્રી-વાર્તાકાર

(B) ઝવેરચંદ મેઘાણી- સંશોધક-કવિ

(C) ઝવેરચંદ મેઘાણી- રાષ્ટ્રીય શાયર-એકાંકીકાર

(D) ઝવેરચંદ મેઘાણી- લોકસાહિત્ય વિદ્-પંડિતયુગ

27. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) ચિનુમોદી-બાથટબમાં માછલી-બાહુક

(B) ચિનુમોદી- અગિયાર દરિયા - ઈશાદ

(C) ચિનુમોદી - કાળો અંગ્રેજ - નવલકથા - હીરજી

(D) ચિનુ મોદી- રૂપકથા - ઈનાયત

28. સર્વથા વિસંગતજૂથ કયું છે?

(A) સુધારક યુગ- નર્મદ-ફાર્બસવિરહ

(B) પંડિતયુગ - બ્રહ્માનંદ - હિંદ સ્વરાજ

(C) ગાંધીયુગ - ગાંધીજી - સત્યના પ્રયોગો

(D) આધુનિક યુગ - લાભશંકર ઠાકર - અથવા

29. સર્વથા વિસંગતજૂથ કયું છે?

(A) નામિક પદ- સંજ્ઞા-વિશેષણ

(B) આખ્યાત પદ - કૃદંત- ક્રિયાપદ

(C) નામયોગી - 'માં' - અનુગ

(D) શૂન્ય વાયુરંધ્ર - સ્પર્શવ્યંજન - ખ



www.examrace.com

30. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| | **યાદી ૧** | | **યાદી ૨** |
|---|---|---|---|
| (અ) | કાળુ | (1) | જ્ઞાનપીઠ એવોર્ડ |
| (બ) | માનવીની ભવાઈ | (2) | ખલપાત્ર |
| (ક) | પન્નાલાલ પટેલ | (3) | 'ભૂખી ભૂતાવળ' |
| (ડ) | માલી ડોશી | (4) | 'ભૂખતીય ભૂંડી ભૂખ છે' |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 3 | 4 | 2 | 1 |
| (C) | 2 | 1 | 4 | 3 |
| (D) | 1 | 2 | 3 | 4 |

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| | **યાદી ૧** | | **યાદી ૨** |
|---|---|---|---|
| (અ) | સોનેટ | (1) | આપની યાદી |
| (બ) | ગઝલ | (2) | રમા |
| (ક) | ખંડકાવ્ય | (3) | અંધકાર અને હું |
| (ડ) | અછાંદસ | (4) | જૂનુંઘર ખાલી કરતાં |

| | **અ** | **બ** | **ક** | **ડ** |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 1 | 4 | 2 | 3 |
| (D) | 4 | 1 | 2 | 3 |

www.examrace.com

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| **યાદી ૧** | | **યાદી ૨** | |
|---|---|---|---|
| (અ) | સાધારણી કરણ | (1) | આનંદવર્ધન |
| (બ) | પ્રબંધ વક્તા | (2) | ટ્રેજેડી |
| (ક) | રસ ધ્વનિ | (3) | રસ સિદ્ધાંત |
| (ડ) | કેથાર્સિસ | (4) | કુંતક |

| | **અ** | **બ** | **ક** | **ડ** |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 2 | 1 | 3 | 4 |
| (D) | 1 | 2 | 4 | 3 |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| **યાદી ૧** | | **યાદી ૨** | |
|---|---|---|---|
| (અ) | વીસમી સદી | (1) | રામનારાયણ પાઠક |
| (બ) | પ્રસ્થાન | (2) | સુરેશ જોશી |
| (ક) | વિશ્વમાનવ | (3) | ભોગીલાલ ગાંધી |
| (ડ) | ક્ષિતિજ | (4) | હાજી મહમ્મદ અલ્લારખિયા |

| | **અ** | **બ** | **ક** | **ડ** |
|---|---|---|---|---|
| (A) | 2 | 3 | 4 | 1 |
| (B) | 1 | 4 | 2 | 3 |
| (C) | 4 | 1 | 3 | 2 |
| (D) | 1 | 2 | 3 | 4 |

www.examrace.com

**34.** બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (અ) સ્નેહ મુદ્રા | (1) મણિલાલ હ. પટેલ |
| (બ) કુમારની અગાશી | (2) ગોવર્ધનરામ |
| (ક) બાપાનો છેલ્લો કાગળ | (3) વીનેશ અંતાણી |
| (ડ) ધુંધભરી ખીણ | (4) મધુ રાય |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 2 | 1 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 2 | 4 | 1 | 3 |

**35.** બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું ક્યું છે તે કહો.

| યાદી ૧ | યાદી ૨ |
|---|---|
| (અ) વિચારપ્રધાન કવિતા | (1) ઉમાશંકર જોશી |
| (બ) કવિતા આત્માની માતૃભાષા | (2) સુમન શાહ |
| (ક) પ્રતિભાષાનું કવચ | (3) બ.ક. ઠાકોર |
| (ડ) સુરેશ જોશીથી સુરેશ જોશી | (4) ચંદ્રકાન્ત ટોપીવાળા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 3 | 1 | 4 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 2 | 4 | 1 | 3 |

**36.** ક્યું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) હ.ચૂ. ભાયાણી – પંડિત બેચરદાસ દોશી – ભગવાનદાસ પટેલ – ભોગીલાલ સાંડેસરા

(B) ભોગીલાલ સાંડેસરા – હ.ચૂ. ભાયાણી – ભગવાનદાસ પટેલ – પંડિત બેચરદાસ દોશી

(C) પંડિત બેચરદાસ દોશી – ભોગીલાલ સાંડેસરા – હ.ચૂ. ભાયાણી – ભગવાનદાસ પટેલ

(D) ભગવાનદાસ પટેલ – ભોગીલાલ સાંડેસરા – પંડિત બેચરદાસ દોશી – હ.ચૂ. ભાયાણી

www.examrace.com

37. કયું વિગતજૂથ યોગ્ય કાળ ક્રમમાં છે?

(A) ગોવાલણી અને બીજી વાતો-તણખા મંડળ.૧-ઉત્તરા-બાપાની પીંપર

(B) બાપાની પીંપર-તણખા મંડળ.૧-ગોવાલણી અને બીજી વાતો-ઉત્તરા.

(C) ઉત્તરા-બાપાની પીંપર-તણખા મંડળ.૧-ગોવાલણી અને બીજી વાતો.

(D) તણખા મંડળ.૧-ગોવાલણી અને બીજી વાતો-બાપાની પીંપર-ઉત્તરા.

38. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) વિશ્વશાંતિ - બારીબહાર - હયાતી - પિતૃતર્પણ

(B) પિતૃતર્પણ - વિશ્વશાંતિ - બારીબહાર - હયાતી

(C) બારીબહાર - હયાતી - પિતૃતર્પણ - વિશ્વશાંતિ

(D) હયાતી - પિતૃતર્પણ - વિશ્વશાંતિ - બારીબહાર

39. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) ગીતગોવિંદ - ઉત્સંગ - વિક્રમોર્વશીયમ્ - કાદંબરી

(B) કાદંબરી - ગીતગોવિંદ - ઉત્સંગ - વિક્રમોર્વશીયમ્

(C) વિક્રમોર્વશીયમ્ - કાદંબરી - ગીતગોવિંદ - ઉત્સંગ

(D) ઉત્સંગ - વિક્રમોર્વશીયમ્ - કાદંબરી - ગીતગોવિંદ

40. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) મદન મોહના - ભરતેશ્વર બાહુબલિ ઘોર - વસંત વિલાસ - કાન્હડદે પ્રબંધ

(B) કાન્હડદે પ્રબંધ - મદન મોહના - ભરતેશ્વર બાહુબલિ ઘોર - વસંત વિલાસ

(C) ભરતેશ્વર બાહુબલિ ઘોર - વસંત વિલાસ - કાન્હડદે પ્રબંધ - મદન મોહના

(D) વસંત વિલાસ - કાન્હડદે પ્રબંધ - મદન મોહના - ભરતેશ્વર બાહુબલિ ઘોર

www.examrace.com

41. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) ડિવાઈન કોમેડી – ઓથેલો – ડોલ્સ હાઉસ – દ આઉટ સાઈડર

(B) ઓથેલો – ડોલ્સ હાઉસ – દ આઉટ સાઈડર – ડિવાઈન કોમેડી

(C) ડોલ્સ હાઉસ – દ આઉટ સાઈડર – ડિવાઈન કોમેડી – ઓથેલો

(D) દ આઉટ સાઈડર – ડિવાઈન કોમેડી – ઓથેલો – ડોલ્સ હાઉસ

42. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) પ્રત્યક્ષ – બુદ્ધિપ્રકાશ – સંસ્કૃતિ – એતદ્

(B) બુદ્ધિપ્રકાશ – સંસ્કૃતિ – એતદ્ – પ્રત્યક્ષ

(C) સંસ્કૃતિ – એતદ્ – પ્રત્યક્ષ – બુદ્ધિપ્રકાશ

(D) એતદ્ – પ્રત્યક્ષ – બુદ્ધિપ્રકાશ – સંસ્કૃતિ

43. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) સંસ્કૃત – પ્રાકૃત – અપભ્રંશ – ગુજરાતી

(B) મેઘદૂત – ઉત્તરરામચરિત – સિદ્ધહેમ – માધવાનલ– કામકંદલાપ્રબંધ

(C) ચન્દ્રકાંત બક્ષી – નવલરામ – કાકાસાહેબ કાલેલકર – ક. મા. મુનશી

(D) નરસિંહ – મીરાં – પ્રેમાનંદ – દયારામ

44. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) અશ્રુઘર – આગંતુક – અમૃતા – આકાર

(B) મ.ન. દ્વિવેદી – કાકાસાહેબ કાલેલકર – સુરેશ જોશી – ભોળાભાઈ પટેલ

(C) વિનોદિની નીલકંઠ – હીરાબેન પાઠક – ધીરુબેન પટેલ – હિમાંશી શેલત

(D) રાવજી પટેલ – રમેશ પારેખ – જયદેવ શુક્લ – રાજેશ પંડ્યા

www.examrace.com

**નીચે આપેલો ગદ્યખંડ વાંચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવો.**

સાહિત્ય જાતે તો શુદ્ધ વાણી છે, શુદ્ધ ઊર્મી છે અને શુદ્ધ ચિંતન છે. સાથે સાથે વાઙમય માં અન્ય અંગોને તે વિશુદ્ધિ અર્પે છે. સામાન્ય માન્યતા એવી છે કે સાહિત્યને વિજ્ઞાન સાથે, તત્ત્વજ્ઞાન સાથે કે ઈતિહાસ ભૂગોળ સાથે કોઈ સંબંધ હોય નહિ..................... સાહિત્યને પસંદ પડે એવાં સ્વરૂપ ધારણ કર્યા સિવાય વિજ્ઞાન કે તત્ત્વજ્ઞાન લોકોના હૃદયમાં ઊતરતું નથી. ઈતિહાસ ભૂગોળ આનંદ ઉપજાવી ન શકે, આનંદ ઉપજાવી ન શકે તો તે વાંચવાં ન ગમે અને તે યાદ પણ ન રહે. રસહીન ઈતિહાસ વિદ્વાનો ભલે વાંચે, સામાન્ય જનતાને તો સાહિત્યની આકૃતિ ધારણ કરતો ઈતિહાસ ગમશે........................................ ગીબને રોમન સામ્રાજ્યનું પતન – Decline and fall of Roman Empire - નામનો ઈતિહાસ લખ્યો. આમ તો એ ઈતિહાસ છે, પરંતુ એની સાહિત્યના ગ્રંથમાં પણ ગણતરી કરવામાં આવે છે. સાહિત્યના રસનો આમ આશ્રય લઈ, ઈતિહાસ-કારે જડ, તારીખ-તિથિઓને બોલતી ચાલતી અને હાલતી બનાવી દીધી. શુષ્ક વિજ્ઞાનને તો સાહિત્ય સાથે કાંઇ સંબંદ જ ન હોય એવી માન્યતા સામાન્યત: પ્રવર્તે છે. જીન્સ, એડીંગ્ટન અને હોલ્ડેન સરખા સમર્થ વિજ્ઞાનવિદોએ સાહિત્યનો સહજ આશ્રય લીધો અને આકાશમાં ઘુમતાં દ્રવ્યોને અને આપણી આસપાસ સતત ફરતા અણુઓને કોઈ મહાકાવ્ય, મહાનાટ્ય કે મહાનવલકથાનાં જીવંત પાત્રો સરખાં બનાવી દીધાં અને વિજ્ઞાનમાં સાહિત્યના અમૃતને છાંટ્યું. આમ સાહિત્ય વિજ્ઞાનને, ફિલસૂફીને કે ભૂગોળને પણ સ્પર્શે તો તેને રસભરપૂર બનાવી દે છે. આપણી આખી કેળવણીનું વલણ પણ શિક્ષણને રસપ્રચુર બનાવવા તરફ જ જાય છે.

**45.** સાહિત્યનો સંબંધ શાની સાથે છે?

(A) વાણી, ઊર્મી અને ચિંતન સાથે નથી

(B) વાણી, ઊર્મી અને ચિંતન સાથે છે.

(C) વાણી, ઊર્મી અને ચિંતન સાથે દૂરનો સંબંધ છે.

(D) ઈતિહાસ, ભૂગોળ અને વિજ્ઞાન સાથે કોઈ સંબંધ નથી.

**46.** લોકોને વિજ્ઞાન, ઈતિહાસ -ભૂગોળ વગેરે વાંચવાં ગમતાં નથી કારણ કે............

(A) એમાં જરા યે સમજ પડતી નથી.

(B) એમાં રસભંગ થતો હોય છે.

(C) એ લગણીભીના કરે છે.

(D) એમાં સાહિત્યિક સંઘટના નું રૂપ હોતું નથી.

www.examrace.com

47. ગીબનકૃત 'રોમન સામ્રાજ્યનું પતન' ગ્રંથ શું છે?

(A) ઇતિહાસગ્રંથ છે.

(B) સાહિત્યનો ગ્રંથ છે.

(C) ઇતિહાસની શુષ્કતાને રસપ્રદ બનાવતો ગ્રંથ છે.

(D) ઐતિહાસિક સાહિત્ય નો ગ્રંથ છે.

48. જીન્સ એટીન્ગ્ટન અને હોલ્ડેન જેવા વિજ્ઞાનીઓએ વિશેષ શું કર્યું ?

(A) આકાશમાં ઘુમતા દ્રવ્યોની શોધ કરી.

(B) આકાશમાં ઘુમતાં દ્રવ્યોને કાલ્પનિક પાત્રો બનાવ્યાં.

(C) સાહિત્યિક કૃતિઓની રચના કરી.

(D) વિજ્ઞાનમાં સાહિત્યનો સંવાદ રચ્યો.

49. સાહિત્યનું મુખ્ય કાર્ય શું છે?

(A) વિજ્ઞાનને સમજાવવાનું

(B) ફિલસૂફીનું અર્થઘટન કરવાનું

(C) જે તે વિષયમાં રસાત્મકતા લાવવાનું

(D) ભૂગોળ ને વર્ણવવાનું.

50. આ પરિચ્છેદમાં મુખ્યત્વે ક્યા વિષયની ચર્ચા છે?

(A) ઇતિહાસ -ભૂગોળની

(B) વિજ્ઞાનની

(C) ઇતિહાસ, ભૂગોળ અને તત્ત્વની

(D) સાહિત્ય અને અન્ય વિદ્યાઓની

- o 0 o -

www.examrace.com